જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । બુધવાર । તા. ૧૭-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મહિલાઓના પ્રવેશને લઈ વિરોધના સૂર ઉઠ્યા,રાજ્યમાં ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવાયો

કેરળમાં તણાવ : આજથી મહિલાઓ માટે ખુલશે 'સબરીમાલા' મંદિરના દ્વાર

તિરુવનંતપુરમ્

કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશને લઈને વિવાદ વકર્યો છે. આજથી સબરીમાલા મંદિરમાં મહિલાઓનો પ્રવેશ શરૂ થશે. જેથી આજે મંદિરમાં પ્રવેશને લઈને મહિલા સંગઠનો દ્વારા ઐતિહાસિક માર્ચ યોજાશે. આ માર્ચમાં મહિલાઓ મંદિરમાં પ્રવેશ કરવા માટે યોજના બનાવશે.

જેને લઈને કેરળ વામપંથી સરકારે પૂરી તૈયારી કરી લીધી છે. મહિલાઓના પ્રવેશને લઈને વિરોધના સૂર ઉઠ્યા છે. ત્યારે ભાજપ સહિત અનેક રાજકીય પાર્ટીઓ સહિત ધાર્મિક સંગઠનોએએ પણ સરકાર વિરૂદ્ધ મોરચો ખોલ્યો છે. જેમાં સબરીમાલા મંદિરના કપાટ આવતીકાલે પાંચ દિવસ માટે ખૂલશે. જે તકને લઈને મહિલા સંગઠનોએ તેમાં પ્રવેશની યોજના બનાવી છે. બીજી તરફ કેરળના મુખ્યપ્રધાન પિનારઈ વિજયને સ્પષ્ટપણે જણાવ્યુ છે કે સબરીમાલા મંદિર મુદ્દે કોઈને કાયદો પોતાના હાથમાં લેવાની મંજૂરી આપવામાં આવી નથી. સરકાર શ્રદ્ધાળુઓના મંદિર પ્રવેશ માટે તમામ જરૂરી બંદોબસ્ત કરશે. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશને પડકારવા માટે કેરળ સરકાર સુપ્રીમ કોર્ટમાં કોઈપણ સમીક્ષા અરજી દાખલ કરવાની નથી. મુખ્યપ્રધાન પી. વિજયને કહ્યુ છે કે તેમની સરકાર સુપ્રીમ કોર્ટમાં જણાવી ચુકી છે કે તે કોર્ટના આદેશનું કોઈપણ સંજોગોમાં પાલન કરશે. સબરીમાલા મંદિરમાં દશથી પચાસ વર્ષની વચ્ચેના વયજૂથવાળી મહિલાઓ જઈ શકે નહીં. તેના માટે લગભગ ત્રીસ જેટલા ધાર્મિક સંગઠનોએ નિલક્કલ અને પંપા ખાતે સબરીમાલા મંદિરના બેસ કેમ્પમાં ડેરો જમાવ્યો છે. મોટાભાગના સંગઠનોનું કહેવું છે કે શાંતિપૂર્ણ રીતે તેઓ વિરોધ કરશે. જ્યારે શિવસેના અને અયપ્પા ધર્મસેનાએ મહિલાઓને કોઈપણ સંજોગોમાં સબરીમાલા મંદિરમાં નહીં જવા દેવા માટેનું મન બનાવ્યું છે.



વડાપ્રધાન કાર્યાલય અને વિદેશ મંત્રાલયની મદદથી

ઓમાનમાં ફસાયેલા ૧૯ ગુજરાતીઓ સાંસદની મદદથી હેમખેમ પરત આવ્યા



સુરત-નવસારીઃ વડોદરા જીલ્લાના ૧૯ યુવાનો નોકરી માટે ઓમાન-મસ્કત જઈને ફસાઈ ગયા હતા. નોકરીની જગ્યાએ ફસાઈ ગયા હતા આખરે કંપની છોડીને એમણે ઓમાનના એક ગુરુદ્વારામાં આશરો લીધો હતો. આખી વાત એમના પરિવારજનો અને સ્થાનિક આગેવાનોએ સાંસદ સી આર પાટીલને કરી હતી. નવસારીના સાંસદ સી આર પાટીલએ આખી હકીકતથી વિદેશ મંત્રાલય અને વડાપ્રધાન કાર્યાલયને વાકેફ કાર્ય અને તુરંત કાર્યવાહી માટે વિનંતી કરી હતી. ઓમાન-મસ્કતમાં ફસાયેલા ૧૯ યુવાનો હેમખેમ પરત આવી જતા એમણે આજે સાંસદ સી આર પાટીલની મુલાકાત લઈ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે નવસારી વિરાવળના ૨, ગડતના ૧ અને બીજા ૧૬ યુવાનો વડોદરાના એક એજન્ટ મારફત નોકરી કરવા માટે મોટી રકમ ચૂકવીને ઓમાન-મસ્કત ગયા હતા. યુવાનો અલગ અલગ કામ જાણતા હતા પરંતુ એમને ત્યાં મજૂરી કરાવતા હતા. પોતે જે કામ કરવા આવ્યા હતા એ ન કરાવીને મજુરી કરાવીને યુવાનો સાથે બેહુદ્દુ વર્તન થતું હતું, કંપનીએ એમના પાસપોર્ટ પણ જપ્ત કરી લીધા હતા. કંપનીમાં મુશ્કેલી વધતા આ યુવાનોએ કંપની છોડીને નજીકના શીખ ગુરુદ્વારામાં આશરો લીધો હતો અને ત્યાંથી પરિવારનો સંપર્ક કરીને મદદ માંગી હતી.

ઓમાનમાં ફસાયેલા યુવાનોના પરિવારજનોની સાથે નવસારીના આગેવાનોએ સમગ્ર હકીકતથી સાંસદ સી આર પાટીલને માહિતગાર કાર્ય હતા. સાંસદ સી આર પાટીલે પણ તુરંત જ તમામ વિગત અને પુરાવા સાથે વડાપ્રધાન કાર્યાલય અને વિદેશ મંત્રાલયને ઈમેલથી અને ટેલીફોનીક જાણ કરીને યુવાનોની મદદ કરવા વિનંતી કરી હતી. ભારત સરકારે તુરંત જ ઓમાનમાં આવેલા ભારતીય દુતાવાસનો સંપર્ક કરીને યોગ્ય કાર્યવાહી કરીને યુવાનોને મદદ કરી હતી. આ તમામ મદદ નવસારી અને અન્ય સ્થળના ૧૯ યુવાનો સ્વદેશ પરત હેમખેમ આવી ગયા છે.

૧૮ ઓક્ટોબરે શસ્ત્ર પૂજામાં લેશે ભાગ

રાજસ્થાનમાં સેનાના જવાનો સાથે દશેરા મનાવશે રાજનાથ

નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહ ભારતીય સેનાના જવાનો સાથે ભારત-પાકિસ્તાનની સંવેદનશીલ સરહદ પર દશેરાનો તહેવાર મનાવશે અને બીકાનેરમાં શસ્ત્રપૂજામાં ભાગ લેશે. આ પ્રથમ વખત થશે જ્યારે કેન્દ્ર સરકારનો કોઈ મોટો મંત્રી ભારત-પાકિસ્તાન સરહદ પર શસ્ત્ર પૂજા કે હથિયારોની પૂજા કરશે. ગૃહ મંત્રાલયના એક સુત્રએ જણાવ્યુ કે, ગૃહમંત્રી રાજનાથ સિંહ બોર્ડર સિક્યોરીટી ફોર્સ (બીએસએફ) સાથે ૧૯ ઓક્ટોબરે દશેરાનો તહેવાર મનાવશે. બીએસએફ રાજસ્થાનના બીકાનેરમાં તૈનાત છે. રાજનાથ સિંહ બોર્ડર આઉટ પોસ્ટ પર શસ્ત્ર પૂજામાં પણ ભાગ લેશે. શસ્ત્ર પૂજા દશેરાના તહેવારનો એક ભાગ હોય છે. આને ભગવાન રામની રાવણ પર જીત તરીકે મનાવવામાં આવે છે. અધિકારીએ વધુમાં જણાવ્યુ કે, પોતાના બે દિવસીય પ્રવાસ દરમિયાન ગૃહમંત્રી રાજનાથ સિંહ ૧૮ ઓક્ટોબરે બીકાનેર પહોંચશે. તેઓ જવાનો સાથે તહેવારની ઉજવણી પહેલા બોર્ડર પર રાતવાસો કરશે. આશા રખાઈ રહી છે કે તે સરહદ પર પરિસ્થિતિનુ નિરીક્ષણ અને વિભિન્ન આધારભૂત પરિયોજનામાં થયેલ પ્રગતિની પણ માહિતી મેળવશે. ગૃહમંત્રી રાજનાથ સિંહ સાથે ભોજન પણ લેશે અને સુરક્ષાદળોને ત્યારબાદ સંબોધન પણ કરશે. ૩૩૨૩ કિલોમીટર લાંબી ભારત-પાકિસ્તાનની સરહદને ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. જોકે રાજસ્થાનની સરહદ ખૂબ જ શાંતિપૂર્ણ છે. માત્ર જમ્મુ-કાશ્મીરની સરહદ પર જ બન્ને દેશોના જવાનો વચ્ચે ગોળીબારની ઘટનાઓ બને છે.



ટ્રેનમાં મુસાફરી દરમ્યાન કોઈ પરેશાની છે તો ડાયલ કરો ૧૮૦૦-૧૧૦-૧૩૯ નંબર

ન્યુ દિલ્હી

એક સમય એવો હતો કે સામાન્ય માણસને મુસાફરી કરવી હોય તો ટ્રેન કે બસમાં કરે. બહુ લાંબી મુસાફરી કરવાની હોય તો ટ્રેનમાં વધારે સરળતા રહે છે. સામાન્ય માણસથી લઈને તમામ વર્ગને ધ્યાનામા રાખી રેલવેની મુસાફરી કરી શકાય છે. હવે તો રેવવે વિભાગનું તંત્ર ઘણુ જ સુધર્યુ છે લોકોને મુસાફરીમાં સગવડતા મળી રહે તેમાટે રેલવે વિભાગ અવાર મવાર મુસાફરોની સમસ્યાને ધ્યાનમાં રાખી યોજનાઓ બનાવે છે.

ભારતીય રેલવેમાં સામાન્ય માણસને રેલવેમાં સફર કરવામાં સરળતા રેહ તેમાટે રેલવે તરફછથી અવારનવાર નવી નવી સુવિધાઓ આપી રહ્યુ છે. રેલવેની આવી જ એક સુવિધા છે ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર આપી રહી છે જેની મદદથી તમે જો કોઈ મુશ્કેલી પડે તો તમે તાત્કાલીક આ હેલ્પલાઈન પર કોલ કરી શકો છો. રેલવેમાં મુસાફરી કરતા જો તમને કોચમાં કોઈ પરેશાની થતી હોય કે પછી રેલવે તરફથી મળતી સુવિધાઓમાં કોઈ ગરબડ લાગતી હોય તો તમે તેમજ મુસાફરીના સમયે કોઈ તકલીફ થઈ રહી હોય તો તમને આ નંબર પર તમારી ફરિયાદ કરી તમારી સમસ્યાનું સમાધાન કરી શકો છો. આ માટે તમારે ફક્ત આપવામાં આવેલ ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૧૦-૧૩૯ પર કોલ કરવાનો રહેશે. આઈઆરસીટીસીએ એક ટ્વીટ કરી આ માહિતી આપી છે. આ ટ્વીટમાં જાણકારી આપવામાં આવી છે કે જો તમને મુસાફરી દરમિયાન કોઈ તકલીફ પડે તો તમે તાત્કાલીક આ નંબર પર કોલ કરી શકો છો.

વરાછા રોડ પર રોકડા રૂા. ૩.૭૫ લાખની લૂંટ

સુરત

વરાછા રોડ પંકજ ડાયમંડની સામે રિક્ષામાં બેઠેલા વ્યકિતનો રોકડા રૂપિયા ૩.૭૫ લાખ ભરેલા થેલાની લૂંટ કરી મોટર સાઈકલ સવાર બે અજાણ્યા વ્યકિત ફરાર થઈ ગયા હતા.

ભાવનગર અક્ષરધામ સોાસયટીમાં રહેતા હીરા વેપારી ઉકેશભાઈ ઉર્ફે ઉકો લાલાજી કારેણા કામ અર્થે સુરત આવ્યા હતા, ત્યારે રિક્ષા બેસીનેબ રોડા પ્રિસ્ટેજ તરફ આવતા હતા, ત્યારે મોટર સાઈકલ ઉપર આવેલા બે અજાણ્યા વ્યકિતએ મોટર સાઈકલ રિક્ષા નજીક લાવી ફરિયાદીનો થેલો આંચકી નાસી ગયા હતા. આ થેલામાં રોકડા રૂપિયા ૩.૭૫ લાખ અનેક પડા હતા. કાપોદ્રા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આગના પગલે ડાયાલિસીસના વિભાગ ધુમાડાથી ભરાઈ જતા તમામના જીવ અધ્ધર થઈ ગયા

સુરત સિવિલ હોસ્પિટલમાં એસીમાં બ્લાસ્ટ થતા આગ લાગી, દર્દીઓમાં ભાગદોડ

સુરત

સુરત સિવિલ હોસ્પિટલમાં મોડી રાત્રે ડાયાલિસીસ વિભાગમાં એસીમાં બ્લાસ્ટ બાદ આગ ફાટી નીકળતા દર્દીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. આગના પગલે ડાયાલિસીસના વિભાગ ધુમાડાથી ભરાઈ જતા તમામના જીવ અધ્ધર થઈ ગયા હતા. તાત્કાલિક ફાયરને જાણ કરતા તંત્ર દોડતું થઈ ગયું હતું. એસીમાં લાગેલી આગને ફાયરના જવાનોએ કાબુમાં લીધા બાદ તમામે હાશકારો અનુભવ્યો હતો.

સુરત સિવિલ હોસ્પિટલમાં મોડી રાત્રે ૨.૩૦ કલાકે ડાયાલિસીસ વિભાગમાં આવેલા એસીમાં બ્લાસ્ટ થયો હતો. ત્યારબાદ આગ ફાટી નાકળી હતી. જેથી દર્દીઓ, સગાઓ અને સ્ટાફ કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. તાત્કાલિક ફાયરને જાણ કરતા તંત્ર દોડતું થઈ ગયું હતું. એસીમાં લાગેલી આગને ફાયરના જવાનોએ કાબુમાં લીધા બાદ કર્મચારીઓએ હાશકારો લીધો હતો. ડાયાલિસીસ વિભાગના ૫-૬ દર્દીઓને તાત્કાલિક બીજા વોર્ડમાં ખસેડાયા હતા. આગમાં બે ડાયાલિસીસ અને એક વેન્ટિલેટર સહિત મશીનો બળીને ખાખ થઈ ગયા હતા. એસીમાં આગ વાયરીંગના કારણે લાગી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.

રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલની હાજરી મુક્તિ અંગે કોર્ટમાં રિપોર્ટ

સુરત

અમરોલી પોલીસ મથકમાં નોંધાયેલા રાજદ્રોહના કેસમાં મંગળવારના રોજ હાર્દિક પટેલ સહિત ત્રણ આરોપીઓની મુદ્દત હતી, પરંતુ હાર્દિક પટેલના એડવોકેટ યશવંતસિંહવાળાએ તેની હાજરી મુક્તિનો રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. વધુ સુનાવણી ૩જી નવેમ્બરના રોજ હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે કે, પાટીદાર આંદોલન દરમિયાન મોટા વરાછા ક્રિષ્ણા રેસિડેન્સી ખાતે રહેતા વિપુલ દેસાઈ અને ચીરાગ દેસાઈને ત્યાં જઈને પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. જેની સામે ડીસીપી મકરંદ ચૌહાણે અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહની ફરિયાદ હાર્દિક, ચિરાગ, તથા વિપુલ દેસાઈની સામે નોંધાવી હતી. તાત્કાલિક ડીસીબી, પીઆઈ જે.એચ. દહીયાએ તબક્કાવાર ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. લાજપોર જેલમાં મોકલાયા બાદ તેઓને અદાલતે જામીન મુકત કરતો હુકમ પણ કર્યો હતો. ડીસીબીના પીઆઈ દ્વારા ત્રણેય આરોપી સામે ચાર્જશીટ રજૂ કરાયા બાદ અદાલતે આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ ફટકાર્યો હતો. મંગળવારના રોજ રાજદ્રોહના કેસમાં મુદ્દત હતી, પરંતુ હાર્દિકના એડવોકેટ યશવંતસિંહ વાળા દ્વારા તેઓ હાજરી મુક્તિ રિપોર્ટ રજૂ કરાયો હતો.

આરોગ્ય તંત્રએ નવરાત્રિમાં ૯ સ્થળોએ હંગામી ફૂડ સ્ટોલના લાયસન્સ ઈસ્યૂ કર્યા

ગરબાના સ્થળે મેડીકલ સ્ટાફની પણ ફરજીયાત તૈનાતી

સુરત

સુરત શહેરમાં નવરાત્રીના પ્રારંભ સાથે વિવિધ શેરીઓ, ક્લોબો, પાર્ટી પ્લોટોમાં ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે જેમાં નવરાત્રીના ગરબા જોવા અને રમવા માટે હજારો લોકોની ભીડ ઉમટી પડતી હોય છે. જેથી સ્વચ્છતા અને આરોગ્ય સંદર્ભે લોકજાગૃત્તિ કેળવાય તે ખુબ જરુરી બની ગયું છે.

સુરત શહેરમાં નિતી-નિયમોને અનુસાર નવ સ્થળોએ હંગામી ધોરણે ફૂડનું લાયસન્સ આપવામાં આવ્યું હોવાનું સુરત મહાનગર પાલિકાના ફૂડ ઓફિસર જગદીશ સાળુંકેએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખાસ કરીને ગરબાના આયોજનના સ્થળે મેડિકલ તેમજ પેરા મેડિકલ સ્ટાફની હાજરી, સ્વચ્છતા અને સિઝનલ ફલુ અંગે લોકજાગૃત્તિનો પ્રચાર, જેવી શરતોનું પાલન કરવું અને તે અંગે ચોકસાઈ રાખવામાં આવી રહી છે કે કેમ તે ધ્યાનમાં રાખવું. સ્વચ્છતા અને આરોગ્ય આરોગ્ય સંદર્ભે લોકજાગૃત્તિ કેળવાઈ રહે તે ખુબ જરુરી રહે છે. ફુડ ઓફિસર જગદીશ સાળુંકેના જણાવ્યા અનુસાર આ વર્ષે સુરત શહેરમાં ૯ જેટલા સ્થળોએ હંગામી ધોરણે ફૂડનું લાયસન્સ ઈશ્યુ કરવામાં આવ્યું છે. જેમાં ગરબાની શરુઆત અને પછી સ્વચ્છતા તેમજ આરોગ્ય વિભાગની સ્વાઈન ફલુ અંગેની ઓડિયો ટેપ વગાડવાની અનિવાર્ય કરવામાં આવી હતી. આ સાથે જ ગરબા જોવા અને રમવા માટે ઉમટી પડેલા હજારો લોકોમાં જો કોઈ અનિચ્છનીય બનાવ બને તો આયોજકો દ્વારા સ્થળ પર જ મેડિકલ ટીમ તેમજ પેરા મેડિકલ સ્ટાફની હાજરી પણ જરુરી હોવાનું અનિવાર્ય કરવામાં આવી હતી.



ગોડાદરાની બાળકી પર કથિત બળાત્કાર બાદ ઘાતકી રીતે હત્યા કરી દેવાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. આ સાથે બળાત્કાના આરોપીની ધરપકડ નહીં થાય ત્યાં સુધી બાળકીની લાશ સ્વીકારવાનો પરિવારજનોએ ઇનકાર કરી દીધો હતો. સ્મીમેર હોસ્પિટલમાં બાળકીના પરિવારજનો સાથે એકત્ર થયેલા સ્થાનિક લોકો તસવીરમાં નજરે પડે છે.

સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીના દેહને ચૂંથી તેનું ગળું દબાવી ક્રૂરતાપૂર્વક હત્યા કરી

સુરત બાળકીની હત્યાનો મામલો આરોપીને ફાંસીની સજાની માંગ કરતા લોકો

સુરત

લિંબાયતના ગોડાદરા વિસ્તારમાં સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીના દેહને ચૂંથી તેનું ગળું દબાવી ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હોવાનો અરેરાટીભર્યો બનાવ બન્યો હતો. બાળકીનો પરિવાર જે મકાનમાં રહે છે તેની નીચેના જ રૂમમાંથી પ્લાસ્ટિકના કોથળામાં પેક કરેલો મૃતદેહ મળ્યો હતો. આરોપી ૨૦ વર્ષીય યુવક બિહાર ભાગી ગયો હોવાની શંકા છે. દરમિયાન સ્મીમેર હોસ્પિટલ ખાતે સમાજના લોકોએ આરોપી ન પકડાય ત્યાં સુધી લાશ લેવાનો ઈન્કાર કરી દીધો છે. અને ધરણા કરી આરોપીને ફાંસી આપોની માંગ કરી રહ્યા છે. પરંતુ ઘણી સમજાવટ બાદ પરિવારે મૃતદેહ સ્વીકાર કર્યો હતો. ગોડાદરામાં રહેતા પરિવારમાં પતિ-પત્ની ઉપરાંત બે દીકરીઓ અને ચાર મહિનાનો દીકરો છે.બીજા નંબરની દીકરી ૩.૫૦ વર્ષની હતી. બાળકીના પિતા અને શંકમંદ આરોપી અનિલ યાદવ સાથે જ કલર કામ કરે છે. શનિવારે રાત્રે આઠથી સાડા આઠ વાગ્યાના સમયગાળામાં ગુમ થયેલી બાળકીનો હત્યા કરાયેલો મૃતદેહ સોમવારે સાંજે ૪ વાગ્યે મળ્યો હતો. આ મકાનમાં રહેતા અનિલ યાદવ (૧૮થી ૨૦ વર્ષ) પણ ભેદી સંજોગોમાં ગુમ છે. આરોપી અનિલ બિહાર ભાગી ગયો હોવાની શંકા આધારે પોલીસની એક ટીમ બિહાર રવાના થઈ હોવાનું જાણવા મળ્યું છે. બાળકીનો મૃતદેહ મળ્યા બાદ પોલીસે બાળકીના મૃતદેહને સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં આજે પરિવારના સમાજના લોકો મોટી સંખ્યામાં એકઠાં થયા હતા. અને સમાજના લોકોએ આરોપીની ધરપકડ ન થાય ત્યાં સુધી બાળકીનો મૃતદેહ સ્વિકારવાનો ઈનકાર કરી દીધો છે. અને સ્મીમેર હોસ્પિટલ ખાતે ધરણા કરી સુત્રોચ્ચાર કરી રહ્યા છે. આરોપીને ફાંસી આપોના સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવી રહ્યા છે.

માર્કેટના સંચાલકો બાયોગેસ પ્લાન્ટ શરૂ ન કરી શકાતા

એપીએમસી માર્કેટમાં જમા ૨૪૫ મેટ્રીક ટન કચરાના નિકાસની કામગીરી શરૂ

સુરત

સુરતની એ.પી.એમ.સી માકેટ દ્વારા ઓર્ગેનિક કચરાની પ્રોસેસ કરીને બાયોગેસ બનાવવા માટેનો પ્લાન નાંખી દીધો છે પરંતુ તે શરૂ ન કરતાં માર્કેટમાં છેલ્લા દસેક દિવસથી ૨૭૫ મેટ્રીક ટન કચરો કહોવાય રહ્યો છે.

આ કચરાના કારણે ભયંકર દુર્ગધ હોવા ઉપરાંત રોગચાળો થાય તેવી ફરિયાદના પગલે મ્યુનિ. તંત્રએ એક દિવસમાં ૧૫૦ મેટ્રીક ટન કચરો ઉલેચી નાંખ્યો છે. માર્કેટ તંત્ર દ્વારા બાયોગેસનો પ્લાન શરૂ કરવા માટે સમય લંબાવવામાં આવતાં કચરાનું ભારણ વધી રહ્યું છે.

સુરત મ્યુનિ.ના વેરા ભરવામાં અખાડા કરતી એ.પી.એમ.સી માર્કેટમાં કચરાના નિકાલ માટેની મ્યુનિ.તંત્ર કામગીરી કરતી હતી. એ.પી.એમ.સી. માર્કેટમાંથી નિકળતાં કચરામાંથી બાયોગેસ બનાવવામાટે માર્કેટના સંચાલકોએ પ્લાન્ટ પણ નાંખી દીધો છે.

જોકે, છેલ્લા કેટલાક વખતથી આ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો ન હતો. મ્યુનિ. તંત્ર સાથે થયેલી ચર્ચા મુજબ મ્યુનિ. તંત્રએ છેલ્લા આઠ-દસ દિવસથી માર્કેટનો કચરો ઉલેચવાની કામગીરી બંધ કરી હતી. જેના કારણે માર્કેટમાં છેલ્લા કેટલાક દિવસથી ૨૭૫ મેટ્રીક ટન કરતાં વધુ કચરાનો ભરાવો થઈ ગયો છે.

આ કચરો દુર કરવામા આવતો ન હોવાથી ભારે દુર્ગધ સાથે લોકોના આરોગ્ય સામે પણ જોખમ ઉભુ થયું છે. આ અંગેની ફરિયા બાદ મ્યુનિ. તંત્રએ ગઈકાલથી ભેગો થયેલો આ કચરો ઉચકવાની કામગીરી શરૂ કરી છે.

જેમાં ૧૧ ટ્રક, ૧૧ ટ્રેકટર અને બે જીઝમ્ની મદદથી એક દિવમસાં ૧૫૦ મેટ્રીક ટન કરતાં વધુ કચરો ઉલેચી દેવામાં આવ્યો છે. હજી પણ માર્કેટના સંચાલકો બાયોગેસ પ્લાન્ટ માટે માત્ર તારીખો જ આપી રહ્યાં હોવાથી આ કચરાના નિકાલની જવાબદારી ફરી મ્યુનિ.ના માથે આવે તેવી શક્યતા નકારી શકાતી નતી.

તા.૨૨'મીએ પ્રતાપનગર અને વાંદરવેલા ગ્રામ પંચાયતની ચૂંટણી

નવસારી

મદદનીશ શ્રમ આયુકત નવસારીની યાદીમાં જણાવે છે કે, વાંસદા તાલુકાની પ્રતાપનગર (જૂથ) વાંદરવેલા ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૮ ના સોમવારના રોજ યોજાનાર છે. વાંસદા તાલુકાની પ્રતાપનગર (જૂથ) વાંદરવેલા ગ્રામ પંચાયત હેઠળની સંસ્થાઓ જેવી કે દુકાનો, વાણિજય સંસ્થાઓ, હોટલ, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, રેલ્વે, ટેલિફોન, તાર, સ્પીડ પોસ્ટ, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગ્રેડ તથા અન્ય પ્રકારની સંસ્થાઓ વિગેરેના કર્મચારીઓ/ શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી તા.૨૨/૧૦/ ૨૦૧૮ ના સોમવારના દિવસે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારીઓ/ શ્રમયોગીઓને વારાફરતી ત્રણ (૩-૦૦) કલાકની ખાસ રજા આપવામાં આવે એવી વ્યવસ્થા કરવા જણાવાયું છે.

હીરા અગ્રણી ભૂપત આંબા ગાબાણીની ધરપકડના વિરોધમાં બજાર બે કલાક બંધ રહ્યું

સુરત

હીરા અગ્રણી ભુપત આંબા ગાબાણીની ધરપકડના વિરોધમાં આજે પાટીદારોનું મોટુ ટોળુ ચોક બજાર પોલીસ સ્ટેશન જોવા મળ્યું હતું.

મળેલ માહિતી મુજબ છેલ્લા એકાદ મહિના પહેલા પાટીદાર સમાજની યુવતી અને પ્રજાપતિ સમાજના યુવાન વચ્ચે પ્રેમ પ્રકરણમાં બંને ભાગી ગયા હતા ત્યારબાદ પાટીદાર સમાજના યુવાનો તથા તેના માતા-પિતાએ અઠવાડિયા પહેલા યુવતી તેને ઘરે લઈ આવ્યા હતા.

આ ઘટનામાં યુવતીએ તેના મા-બાપ અને સમાજના અગ્રણી ગાબાણી વિરુદ્ધ ચોક બજાર પોલીસ સ્ટેશનમાં પોતાનું અપહરણ કર્યાની ફરિયાદ નોંધાવી હતી જે તે વખતે પોલીસે યુવતીના મા-બાપની ધરપકડ કરી હતી જ્યારે ભુપત ગાબાણીની ધરપકડ કરવાની બાકી હતી.

દરમિયાન ગઈરાત્રિના ચોકબજાર પોલીસે ધરપકડ કરી હતી તેને લઈને પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને મોડી રાત્રે બે વાગ્યા સુધી પોલીસ સ્ટેશનની બહાર મોટું જોવા મળ્યું હતું.

દરમિયાન આજે સવારે પણ પોલીસ સ્ટેશન મોટી સંખ્યામાં સમાજ ભેગા થયા હતા અને છોડાવવાની માંગ કરી હતી જોકે પોલીસે સમજાવટથી બે કલાકમા ટોળું વિખેરાઈ ગયું હતું ભુપત ગાબાણીની ધરપકડ ના પડઘા હીરા બજારમાં પણ જોવા મળ્યા હતા. સવારે બે કલાક માટે વેડરોડ હીરા બજાર સંપૂર્ણ બંધ રહ્યું હતું ત્યારબાદ ફરી શરૂ થયું હતું આ સિવાય અન્ય જગ્યાએ હીરાને કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા.

ઓએલએક્સ પર ફોર વ્હીલર મૂકવું ભારે પડ્યું : ૭.૫૦ લાખની કાર લઈ શખ્સ ફરાર

સુરત

સુરતના નાના વરાછાના યુવકને ઓનલાઈન સાઈટ OLX પર ફોર વ્હીલર વેચવા મૂકવાનું ભારે પડી ગયું હતું. કાર ખરીદવાનું કહી વેસ્ટ મુંબઈના જોગેશ્વરનો મુકેશ ચૌહાણ ૭.૫૦ લાખ રૂપિયાની કિંમતની કાર લઈ ફરાર થઈ ગયો હતો.

નાના વરાછા રણછોડનગર ખાતે રહેતા એકતાબેન અશ્વિનભાઈ લાંગડીયાએ પૂણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની પાસે ફોર્ડ કંપનીની ઈકો સ્પોર્ટસ કાર હતી. જે કાર ઓનલાઈન સાઈટ OLX પર વેચાણ માટે મૂકી હતી.

ઓનલાઈન સાઈટ પર કારના ફોટા જોઈને વેસ્ટ મુંબઈના જોગેશ્વરી ખાતે રહેતા મુકેશ લાડુરામ ચૌહાણે તેમને કોલ કર્યો હતો. ત્યારબાદ કારની ૭.૫૦ લાખ રૂપિયા કિંમત નક્કી કરી તેમણે કાર ખરીદવાની ઈચ્છા વ્યકત કરી હતી. દરમ્યાન તેમણે કાર બતાવવા પૂણા પાટિયા પાસે બોલાવ્યા હતા. તે સમયે તેમની ઈકો કાર લઈ મુંબઈનો ગઠિયો ફરાર થઈ ગયો હતો.

રૂપિયા ચૂકવ્યા વગર જ કાર લઈને ભાગી જતાં કાર માલિકે પૂણા પોલીસ મથકમાં સંપર્ક સાંધ્યો હતો. તેમજ મુકેશ ચૌહાણ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

આગામી તા.૨૧'મીએ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષાનું આયોજન

વ્યારા

આગામી તા. ૨૧મી, ઓકટોબરના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની જગ્યા ઉપર ભરતી કરવા માટે સમગ્ર રાજયમાં પ્રીલિમનરી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. તાપી જિલ્લામાં પણ તા. ૨૧મી, ઓકટોબરના રોજ જિલ્લા મથકો સહિત પેટામથકોએ ૧૧:૦૦ થી ૦૧:૦૦ દરમિયાન પ્રશ્નપત્ર-૧ સામાન્ય અભ્યાસ-૧ અને ૦૩:૦૦ થી ૦૫:૦૦ દરમિયાન પ્રશ્નપત્ર-૨ સામાન્ય અભ્યાસ-૨ની પરીક્ષા યોજાશે. આ જિલ્લામાં વ્યારા, કપૂરા, સોનગઢ, વાલોઠ, બુહારીઅને બાજીપુરા ખાતે પરીક્ષા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. આ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્રો ખાતે કેલ્કયુલેટર, સેલ્યુલર, મોબાઈલ ફોન કે અન્ય કોઈ ઈલેકટ્રોનિક ગેઝેટસ્ જેવી વસ્તુઓ લઈ જઈ શકશે નહિં. પરીક્ષામાં ઉપસ્થિત થનાર પરીક્ષાર્થીઓએ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ પ્રવેશપત્ર/હાજરીપત્રક અવશ્ય સાથે લાવવાના રહેશે.

જો પ્રવેશપત્ર/ હાજરીપત્રક ન હોય તેવા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે નહિં એમ જિલ્લા કો-ઓર્ડિનેટર અને જિલ્લા કલેકટર એન.કે ડામોર તરફથી જણાવાયું છે.

નવરાત્રી માં માતાજી ની ભક્તિ કરનાર ભક્તો ને તેલ કંપનીની ભૂલ નો ભોગ બનવું પડ્યું...ત્યારે કોણ પગલાં લેશે...?

નાંદોદ ના આમલેથા ગામે ૨૫ થી વધુ લોકો ડાયેરિયાની લપેટમાં આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું



સ્થાનિક દુકાનમાંથી સીંગતેલ લીધું હતું જેમાં દિવેલ નીકળ્યું હતું જેનાથી જમવાનું બનાવ્યુ હતું ખાસ કરીને લાપસી બનાવી તે દિવેલ હોવાને કારણે જેની અસર થઈ અને ઝાડા ઉલ્ટી ની અસર થઈ જોકે આરોગ્ય વિભાગે આવી સારવાર કરી પરંતુ સરકારે જે ભેળસેળ કંપનીઓ છે જેમનાથી આટલી મોટી ભૂલ થઈ છે જેમની સામે પગલાં લેવા જોઈએ રહેશ વસાવા સ્થાનિક રહીશ

નવરાત્રી માં એક ફળિયામાં જમણવાર રાખ્યો હોય ગામ લોકો જમતા તેલની જગ્યાએ દિવેલ વપરાતા થઈ સમસ્યા તેલ કંપનીઓ ના ભેળસેળને કારણે ઘટના બની, સીંગતેલના ડબ્બામાં દિવેલ મિક્ષ હોવાનો ગ્રામજનો ન આરોપ

રાજપીપળા: નાંદોદ તાલુકાના આમલેથા ગામના ઉઘરાદાર ફળિયામાં નવરાત્રી પર્વે હવન રાખવામાં આવ્યો હતો જેમાં સ્થાનિક ફળીયા અને આજુબાજુના લોો ટે જમણવાર રાખવામાં આવ્યો હતો પરંતુ ત્યાં ખાતા ગ્રામજનો ને ઝાડા ઉલ્ટીની ફરિયાદો આવતા આરોગ્ય વિભાગ તાત્કાલિક પહોંચી જતા પરિસ્થિતિને કાબુમાં લીધી જોકે ગ્રામજનોએ એવો આક્ષેપ કર્યો છે કે ગામની દુકાનમાંથી જે સીગતેલ લીધું એ સીગતેલ ભેળસેળ યુક્ત હોય જેમાં દિવેલ નીકળતા આ ઝાડા ઉલ્ટીના કેશો બન્યા છે ત્યારે આ તેલ કંપનીઓ ના ભેળસેળને કારણે લોકો બિનરીમાં સપડાયા હતા ત્યારે આવી ગંભીર બાબતે આરોગ્ય ની સાથે તમામ લાગતા વળગતા અધિકારીઓ તેલ કંપની વિરુદ્ધ કડક પગલાં લે અને

આમલેથા ગામે જમણવાર માં જમવાથી ઝાડા ઉલ્ટીના કેશો નોંધાયા હતા જેમાં ૨૫ જેટલા કેશો હતા જોકે ખાસ ગંભીર બાબત ન હતી નોર્મલ હતું છતાં આખા ગામમાં સર્વે કરાવ્યું છે અને કોઈ ખાસ ચિંતા જેવું નથી : ડો.વિજિયા વસાવા મેડિકલ ઓફિસર તરોપા

યોગ્ય દંડ કરે એ જરૂરી છે અને આવનારા દિવસો માં આવી ભૂલો માટે સરકારે જેમના પર ચોક્કસ લગામ કસવી જરૂરી બની છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લા ના આમલેથા ગામના ઉઘરાદાર ફળિયામાં રહેતા રહેશ બચુ વસાવા ના ઘરે નવરાત્રી પર્વે ઓમ રાખવામાં આવ્યો હતો જેમાં ઓમ બાદ રાત્રે જમણવાર કરવામાં યો જેમાં દાળ ભાત શાક અને લાપસી બનાવવા માં આવી હતી આ લાપસી બનાવવા એક દુકાનમાંથી સીંગતેલ નો ડબ્બો લેવામાં આવ્યો જોકે સીલબંધ ડબ્બા માં કંપની ની ભૂલ ને કારણે દિવેલ ના ડબ્બા પર લેબલ લાગી ગયું હશે કે જે પણ ભૂલ કંપની દ્વારા થઈ હોય પરંતુ નાથી અજાણ વેપારીએ સીંગતેલ સમજી આ ગ્રામજનો ને એ ડબ્બો તેલ નો સમજી આપ્યો પરંતુ અંદર દિવેલ મિક્સ હોય જેમાં આ દિવેલથી બનેલ લાપસી ખાતા ખાસ કરીને નાના બાળકો અને મહિલાઓને ઝાડા ઉલટી થયાની ફરિયાદ આવી જેથી તરોપા આરોગ્ય કેન્દ્રને જાણ કરતા મેડિકલ ઓફિસર ડો. વિજિયા વસાવા પોતાની ટીમ સાથે આવી સર્વે હાથ ધર્યો અને તમામ અસર પામનાર ની સારવાર કરી હતી આ સાથે આરોગ્ય આધિકારી ડો.આર. સી.કશ્યપ, અને બી એચ ઓ ડો.સુમન પણ તાત્કાલિક દોડી આવ્યા હતા.

વરાછા, પુણા અને લાલગેટ પોલીસના જુગાર પર દરોડા

સુરત

વરાછા, પૂણા અને લાલગેટ પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડી જુગાર રમતા ૧૩ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૫૪,૧૮૦ કબજે કર્યા હતા. વરાછા પોલીસે જવાહરનગર સોસાયટી મકાન નં. બી/૫૯ના ઓટલા પર જુગાર રમતા નેતા હકુકા કુશ્વાહ, અજય નિરપાલ, રામવીર બદનશિંગ, જિતેન્દ્ર પરમલ, પ્રદીપ દામોદર, પવન રમેશ, દામોદર હાકીમની ધરપકડ કરી ચાર મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૨૭,૧૩૦ની મતા કબજે કરી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા ગામ અમરદીપ એપાર્ટમેન્ટ પાસે જુગાર રમતા ચન્દ્ર પાલસિંગ છોટેલાલ પાલ, બ્રિજેશ રમેશ ચોરસિયા, નિતેશકુમાર જીતલાલ પટેલની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૧,૫૫૦ કબજે કર્યા હતા. લાલગેટ પોલીસે સૈયદવાડા સર જે.જે. સ્કૂલ પાસે જુગાર, મીલન, કલ્યાણ આંકડાની જુગાર રમતા મોહંમદ સોયેબલ ઉર્ફે ટીપુ ગુલામ જમાદાર, શિવા માજીરામ જાટ, જીતેન્દ્ર ઉર્ફે જીતુ છના સરવૈયાની ધરપકડ કરી રોકડા રૂા. ૧૫,૫૦૦ કબજે કર્યા હતા.

ઘરમાં સાસુ આવતા વિફરેલા પતિનું તોફાન

સુરત

મૂળ ભરૂચ જિલ્લામાં નેત્રંગ તાલુકાના ગાંધી બજાર ફળિયાના વતની અને હાલમાં કામરેજ તાલુકાના ઘલા ગામના નાના માછીવાડ વિસ્તારમાં રહેતા કાંતિભાઈ ભીખાભાઈ પટેલે ગતરોજ સવારે ૧૧ વાગ્યાના સુમારે તેમની પત્ની પુષ્પાબેન સાથે ઝઘડો કર્યો હતો અને આવેશમાં આવી ગયેલા પતિ કાંતિભાઈએ પત્ની પુષ્પાબેનને ઢીક-મુક્કીનો માર મારી મારતા સાસુ વચ્ચે પડી છોડાવવા જતા સાસુને પણ માર મારી જમણા પગે ફેકચર કરી ફરાર થઈ ગયચા હતા. સાસુને કેમ આપણા ઘરમાં ઘૂસવા દીધી? તેમ જણાવી પત્ની પુષ્પા તથા સાસુને માર મારવામાં આવ્યો હોવાનુ પોલીસે જણાવ્યું હતું.

કચ્છમાં જીવદયાપ્રેમીઓ માટે પ્રથમવાર કરુણા એનિમલ એમ્બ્યુલન્સની શરૂઆત



ભુજ

આ સેવાનું મુખ્ય હેતુ ભુજ શહેરમાં અકસ્માતનો ભોગ બનેલા, બિનવારસુ, માલિક વિહોણા પશુ-પક્ષીઓની સારવાર ઈમરજન્સી વિનામૂલ્યે કરવામાં આવશે.ગઈ કાલે કચ્છ જિલ્લા પંચાયત ખાતેથી કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ની સેવાની શરૂઆત કરવામાં આવી છે.ગુજરાત રાજમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર ખાતેથી કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ ની ૨૬ જિલ્લાઓ ફાળવણી કરવામાં આવેલ છે જેમાં કચ્છ જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ નું શ્રી કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ લક્ષ્મણજીસિંહ સોઢા, ઉપપ્રમુખ નીયતીબેન પોકાર,કારોબારી ચેરમેન હરિભાઈ જાતિયા તેમજ કચ્છ જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોશી દ્વારા ગઈ કાલે આ સેવાની શરૂઆત કરવામાં આવી હતી. કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ નું સંચાલન ૧૦૮ જી.વી.કે. અમદાવાદ દ્વારા કરવામાં આવી રહ્યું છે.જેનો સમય સવારના ૮ થી સાંજે ૮ વાગ્યા સુધીનો છે. કોઈપણ નાગરિક પોતાનો મોબાઈલ ફોનમાંથી ટોલફ્રી નબર ૧૯૬૨ ડાયલ કરીને જાણ કરવાથી એમ્બ્યુલન્સ પહોંચીને ઈમરજન્સી સારવાર કરવામાં આવશે. ભુજ શહેરની આમ જનતાને જણાવવાનું કે બીમાર પશુઓની સ્થળ ઉપર જ નિશુલ્ક સારવાર માટે આ સેવાનો લાભ લેવા માટે વિનંતી છે.

ભરૂચ હાઈવે પર ટ્રક ડ્રાયવર આગળ ચાલતા વાહનમાં ભટકાતા કેબિનમાં ડ્રાયવર ફસાયો

પાલેજ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે ઉપરથી આજરોજ સવારના એચપી ગેસનાં બોટલો ભરેલી ટ્રકને અકસ્માત નડ્યો હતો. ટ્રકનાં ચાલકે કાબુ ગુમાવતાં આગળનાં વાહનમાં જઈને ભટકાતાં ટ્રકની કેબિનનો ખુરદો બોલી ગયો હતો. જેના કારણે ટ્રકનો ચાલક કેબિનમાં જ ફસાઈ ગયો હતો.

પાલેજ નેશનલ હાઈવે નંબર ૪૮ પર કરગટ ચોકડી પાસેથી મંગળવાર સવારના એચપીનાં ગેસ બોટલો ભરેલો ટ્રક પસાર થઈ રહ્યો હતો.ત્યારે ટ્રકનો ચાલક કિરણ ચંદુ રાઠોડ માર્ગ ઉપરથી પસાર થતાં કોઈ કારણોસર સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં તેની ચાલી રહેલા વાહનમાં જઈને ભટકાયો હતો.

અકસ્માતના પગલે કેબિનના ભાગનો ખુરદો બોલી જતાં ડ્રાયવર કિરણ કેબિનમાં જ ફસાઈ ગયો હતો. અકસ્માતને પગલે વાહન ચાલકો અને સ્થાનિક લોકો સ્થળ ઉપર દોડી આવ્યા હતા. જેમણે ડ્રાયવરને બહાર કાઢવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા.ત્યાર બાદ ૧૦૮ની ટીમ સ્થળ ઉપર આવી પહોંચતાં તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો.

સરદાર સાહેબના એકતા અખંડિતતાનો સંદેશ પ્રસરાવતી એકતા યાત્રા જૂનાગઢ જિલ્લામાં બે તબક્કામાં યોજાશે

જૂનાગઢ કૃષિ યુનિ. ઓડીટોરીયમ ખાતેથી તા. ૨૦ ઓક્ટોબરે સવારે ૯-૦૦ કલાકે રથનું કરાવાશે પ્રસ્થાન

જૂનાગઢ

''એક ભારત શ્રેષ્ઠ ભારત''ના સ્વપ્નદ્રષ્ટા લોહપુરૂષ સરદાર સાહેબના રાષ્ટ્ર માટે સમર્પણ અને યોગદાનને જન-જન સુધી ઉજાગર કરવા ઓકટોબર અને નવેમ્બર માસ દરમિયાન રાજયના ૧૦ હજારથી વધુ ગામોમાં એકતા યાત્રા યોજાશે જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં પણ એકતા યાત્રા બે તબક્કાઓમાં યોજવાના આયોજનની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે યોજવામાં આવી હતી.

બેઠકમાં એકતા યાત્રાના વિશેષ રથ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગામના રૂટ, સહિત થનારા વિવિધ કાર્યક્રમોની ચર્ચા સહ આયોજન કરવામાં આવ્યું હતું. જે મુજબ જિલ્લાના ૬૦ ટકા ગામોને એકતા યાત્રા હેઠળ આવરી લેવાશે. એકતા યાત્રાનો પ્રથમ તબક્કો તા. ૨૦મી ઓક્ટોબરથી તા. ૨૯મી ઓક્ટોબર દરમિયાન યોજાશે. બીજો તબક્કો તા. ૧૫ નવેમ્બરથી તા. ૨૪ નવેમ્બર દરમિયાન યોજાશે. આગામી ૩૧-ઓકટોબર સરદાર પટેલ જયંતિએ પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને અર્પણ થનારી સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમા વિશ્વના સૌથી ઊંચા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ના લોકાર્પણ પૂર્વે સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ ગામેગામ ઘરે ઘરે ગુંજતો કરવા બે તબક્કામાં યોજાનારી એકતા યાત્રાની વેબ સાઈટ Ektayatra.com રાજયના મુખ્યમંત્રીએ તાજેતરમાં લોંચ કરી છે જેમાં એકતા યાત્રાના હેતુઓ ઉદ્દેશ્ય અને વિગતવાર કાર્યક્રમોની માહિતી ઉપલબ્ધ છે.સરદાર પટેલના સંદેશને હાલના જનજીવનમાં તેની અગત્યતા સાથે લોકો સુધી પહોંચાડવા, સક્ષમ અને અખંડ ભારત માટે ધાર્મિક સંવાદિતાનો સંદેશ પ્રસરાવવા અને સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસાવવા તેમજ જ્ઞાતિ ધર્મથી પર રહી રાષ્ટ્રવાદ કેળવવાના વિષયોને આવરી લઈ આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.આ એકતા યાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવન કવન અને યોગદાન વિષયક નિબંધ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધાઓ યોજાશે તેમજ વિશેષ રથ સાથે રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો પણ પ્રદર્શિત કરાશે.

જામકા, પીપ્લાણા, રહીજ, મોરવાડા, કાલીભડા ગામોએ ૧૯ ઓક્ટોબરે યોજાશે સેવાસેતુ

જૂનાગઢ

રાજયમાં વહીવટમાં કાર્યક્ષમતા, સંવેદનશીલત તથા પારદર્શીતા વધે તેમજ વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલ ઝડપથી વધે તે માટે સેવાસેતુ(ગ્રામ્ય) ચોથા તબક્કાનાં કાર્યક્રમો યોજાશે તા.૧૯મી ઓક્ટોબર ૨૦૧૮ના સવારે ૯-૦૦ કલાકથી શરૂ થનાર સેવાસેતુ અંતર્ગત વિસાવદર પ્રાંતનો સેવાસેતુ કાર્યક્રમ પ્રાંત અધિકારી ડી.વી.વાળાનાં માર્ગદર્શન અને મામલતદાર ભેસાણની દેખરેખ તળે ભેસાણ તાલુકાનાં મોરવાડા ગામની પ્રા.શાળામાં યોજાશે જયાં તડકાપિપળીયા, જૂની ધારી ગુંદાળી, નવી ધારી ગુંદાળી, ગોરવીયાળી, મોરવાડા, ઉમરાળી, રફાળીયા, પરબવાવડી ગામોને આવરી લઈ સેવાસેતુ કાર્યક્રમમાં લોકપ્રશ્નોનું થશે નીરકારણ, આવી જ રીતે વંથલી પ્રાંતનો સેવાસેતુ કાર્યક્રમ પ્રાંત અધિકારી કેયુર જેઠવાની અધ્યક્ષતામાં વંથલી તાલુકાનાં પીપલાણા ગામે પીપલાણા, કોઠારીયા, બોડકા, સારંગપીપળી, કોઠડી, નાંદરખા ગામોની સાંકળીને પ્રાથમિક શાળા પીપલાણા ખાતે યોજાશે. જૂનાગઢ પ્રાંત અધિકારી જવલંત રાવલની અધ્યક્ષતામાં જામકા પ્રાથમિક શાળા ખાતે કલ્સ્ટરના ગામો બગડુ, જામકા, આણંદપુર, સેમરાળા, મેવાસા, ગામોનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. કેશોદ પ્રાંત અધિકારી રેખાબા સરવૈયાની અધ્યક્ષતામાં માંગરોળ તાલુકાની રહીજ પ્રાથમિક શાળા ગામે કલ્સટરના ગામો લોએજ, મક્તુપુર, રહીજ, કંકાસા, મેણંજ, ચંદવાણા ગામોનાં ગ્રામજનોની રજુઆતો અને સામુદાયીક પ્રશ્નોનું નિરાકરણ સેવાસેતુના માધ્યમે યોજાશે. ૧૯ ઓક્ટોબર-૨૦૧૮નાં રોજ યોજાનાર સેવાસેતુ કાર્યક્રમમાં કલ્સ્ટરનાં ગામોને સમાવીને લોકો સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી તેમની પાયાની જરૂરીયાતો જેવી કે આધારકાર્ડ, આધારકાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન, રાશનકાર્ડમાં નામ દાખલ કરવુ, રાશનકાર્ડમાં નામ કમી કરવુ, રાશનકાર્ડમાં નામમાં સુધારો કરવો, જાતી પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, ફ્રી શીપકાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન, વિકલાંગતા પ્રમાણપત્ર, કસ્તરુબા પોષણ સહાય યોજના, માંવાત્સલ્ય કાર્ડ, માંઅમૃત્તમકાર્ડ, હેલ્થ વેલનેશ કાર્ડ, મેડીસીન સારવાર, પશુઓની ગાયનેક સારવાર, સર્જીકલ સારવાર, ડ્રાઈવીંગ લાયસન્સ, રસીકરણ, આધારકાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, સુકન્યા સમૃધ્ધી યોજના, અટલ પેન્શન યોજના, કેસલેસ લીટરસી, ભીમ એપ, જનધન યોજના, નવુ બેન્ક એકાઉન્ટ ખોલવા, વૃધ્ધ નીરાધાર સહાય યોજના, વિધવા સહાય યોજના, ફ્રીમીલેયર પ્રમાણપત્ર, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, લન'ગ લાયસન્સ, સાત-બાર આઠ-અના દાખલા, રેવન્યુ રેકર્ડ લગત કામો સહિતની પંચાવન જેટલી વિવિધ કામગીરી એક જ સ્થળેથી હાથ ધરવામાં આવશે તાલુકા મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓ સેવાસેતુ કાર્યક્રમમાં જોડાઈને લોકપ્રશ્નોનું કરશે સ્થળ પર નિરાકરણ તેમ નિવાસી અધિક કલેકટર ડી.કે.બારીઆની યાદીમાં જણાવાયુ છે.

ઉધના- મગદલ્લા રોડ સ્થિત

અંબિકા ઈન્ડસ્ટ્રીઝના કારખાનામાં રાત્રિ સમયે લૂંટારૂઓ ત્રાટક્યા

કારખાનેદારને માર મારી રોકડ રકમ અને મોબાઈલની લૂંટ

સુરત

ઉધના - મગદલ્લા રોડ અંબિકા ઈન્ડસ્ટ્રીઝના ખાતા નં. ૧૬૭માં લૂંટ થઈ હતી.રિક્ષામાં આવેલા ત્રણ અજાણ્યા લૂંટારૂ કારખાનેદારનેમ ાર મારી મોબાઈલ ફોન , રોકડા રૂા. ૮૦૦૦, બેન્ક કાર્ડની લૂંટ કરી નાસી ગયા હતા.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બમરોલી રોડ સાંઈદર્શન સોસાયટીમાં રહેતા મેહુલ હેમંતકુમાર લેખડિયાએ પોતાના ખાતા નંબર-૧૬૭માં હાજર હતા ત્યારે રિક્ષામાં ધસી આવેલા ત્રણ અજાણ્યા વ્યકિતએ ફરિયાદીને ઢીક-મુક્કીનો માર મારી રૂપિયા ૩૦ હજારનો મોબાઈલ ફોન, રોકડા રૂા. ૮૦૦૦ એટીએમ કાર્ડની લૂંટ કરી ખૂરશી વિગેરે તોડફોડ કરી નાસી ગયા હતા. બનાવ અંગે ખટોદરા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપોરમાં રીઝર્વ જમીન પર બનતું ગેરકાયદે બાંધકામ તોડાયું

સુરત

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં પાલનપોર-કેનાલ રોડ પર આવેલ ટી.પી. સ્કીમ નં.૮ પાલનપોરના ફા. પ્લોટ નં.૧૧૫ના હેતુમાં સ્થળ સ્થિતિ મુજબ પ્રશાંત નગર સોસાયટીના વિભાગ-૨નાં સબ પ્લોટ નં.૧૨૫માં મિલ્કતદાર દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર પર આશરે ૮૪૦.૦૦ ચો.ફૂટ અને પ્રથમ માળે આશરે ૧૧૮૦.૦૦ ચો.ફૂટ જેટલા માપ વિસ્તારમાં ચણતર, આર.સી.સી. બીમ, કોલમ સ્લેબ તથા બીજા માળે સ્લેબ ભરવાના હેતુસર ચણતર તથા આર.સી.સી. કોલમનું બાંધકામ કરેલ છે. પ્રશ્નવાળુ ગેરકાયદેસર બાંધકામ સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટ પર સ્થિત છે.

હાર્ડવર્ક સાથે ગુગલ સર્ચથી સોફ્ટવર્ક ધ્વારા સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે



રાજપીપળા

નર્મદા જિલ્લાના મુખ્યમથક ખાતે સરદાર ટાઉન હોલમાં પ્રાયોજના વહિવટદારની કચેરી રાજપીપળા, આદિજાતિ વિકાસ વિભાગ અને શબરી ફાઉન્ડેશન અમદાવાદના સંયુકત ઉપક્રમે સ્પર્ધાત્મક પરિક્ષાની પૂર્વ તૈયારી માટે આદિવાસી સમાજના વિધાર્થીઓ માટેના માર્ગદર્શન અંગે એક દિવસીય પરિસંવાદ કાર્યક્રમને ભરૂચ વિસ્તારના સંસદસભ્ય મનસુખભાઈ વસાવા, જિલ્લા કલેકટર આર.એસ.નિનામા, પ્રાયોજના વહિવટદાર આર.વી.બારીયા, શબરી ફાઉન્ડેશનના પ્રમુખ હેમરાજભાઈ રાણા, સામાન્ય વહિવટ વિભાગના ઉમેદભાઈ વસાવાની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી ખૂલ્લો મૂકાયો હતો.

આ પ્રસંગે ભરૂચ વિસ્તારના સંસદસભ્ય મનસુખભાઈ વસાવાએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતુંકે, ગરીબ અને આદિવાસી પરિવારના ભણેલા વિધાર્થીઓને સ્પર્ધાત્મક પરિક્ષાનું પુરતું માર્ગદર્શન મળી રહે તે માટે સરકાર ધ્વારા આ એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.જિલ્લા કલેકટર આર.એસ.નિનામાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે વડા પ્રધાનએ જણાવ્યું છે કે, તમારા જિલ્લામાં લોખંડી પુરૂષની પ્રતિમા બની છે તો જિલ્લાનો દરેક યુવા લોખંડી પુરૂષ જેવો હોવો જોઈએ. નર્મદા જિલ્લામાં ૧૪ હજાર જેટલા યુવાઓને ગૃપથી જોડવામાં આવ્યાં છે. આ યુવાઓ સમાજ-કુટુંબ-જિલ્લા માટે કામ કરે તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે. ઈન્ફોરમેશન ટેકનોલોજીના જમાનામાં ગુગલ સર્ચ કી દરેક માહિતી મેળવી શકાય છે. હાર્ડવર્ક સાથે સ્માર્ટવર્ક કરવાની શિખામણ આપતા નિનામાએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના વહીવટમાં મદદ કરવા સફળ થાઓ અને તે માટે સતત મહેનત કરતા રહો, છેલ્લી ઘડી સુધી સખત મહેનત કરો, સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં જવલંત સફળત મેળવો તેવી શુભેચ્છા નિનામાએ વ્યકત કરી હતી. આજના આ એક દિવસીય પરિસંવાદનો નર્મદા જિલ્લાના કુલ ૬૫૦ જેટલા વિધાર્થી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. આ પરિસંવાદમાં નાયબ કલેકટર ભરૂચ સર્વ મિતેશભાઈ પટેલ અને મિતેશભાઈ વસાવા-, નાયબ કલેકટર નર્મદા ર્ડો. જનમ ઠાકોર, મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ રાજપીપળા વિરેન્દ્રસિંહ વસાવા, તાલુકા વિકાસ અધિકારી સાવલી મનહર દેસાઈ અને મામલતદાર નાંદોદ અરવિંદ ભાટીયા વગેરેએ વિષય તજજ્ઞતા સાથે માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શબરી ફાઉન્ડેશનના પ્રમુખ હેમરાજભાઈ રાણાએ શાબ્દીક સ્વાગત કરી સૌને આવકાર્યા હતા અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જયારે અંતમાં રાજપીપળા પ્રાયોજના વહિવટદાર આર.વી.બારીયાએ આભારદર્શન કર્યું હતું. આ પ્રસંગે ર્ડો. રવિભાઈ દેશમુખ, રાજેન્દ્રસિંહ ચૌહાણ તથા લાભાર્થી વિધાર્થી ભાઈ-બહેનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

બાળકીની હત્યા સંદર્ભે

લીંબાયત પોલીસ દ્વારા અનેક લોકોની પૂછપરછ

સુરત

ગોડાદરામાં ગતરોજ માસૂમ બાળકોની હત્યા કરાયેલા લાશ મળી આવી હતી. આ ઘટના જે મકાનમાં બની તે મકાનનો ભાડૂઆત તેમજ મકાન માલિકને લીંબાયત પોલીસ મથકે બોલાવીને તેઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

આરોપી અનિલ જાધવની ઝીણામાં ઝીણી વિગત મેળવી તેના માતા-પિતા સંબંધીઓ અને વતનની માહિતી મેળવવામાં આવી રહી છે અને આ માહિતી ક્રાઈમ બ્રાંચની જે ટીમ બિહાર ગઈ છે તેને પહોંચાડવામાં આવી રહી છે.

શહેર પોલીસના તમામ બ્રાંચો આરોપીને પકડવા માટે કામે લાગી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ તેમજ આરોપીનો ફાઈલ ફોટો પણ મેળવીને તપાસ હાથ ધરી છે.

જેલમાં બંધ અલ્પેશ કથેરિયાના પરિવારની મુલાકાત લેતાં ખોડલધામના પ્રમુખ

અનામત આંદોલન સાચુ,આર્થિક રીતે પછાત લોકોને અનામત મળે : નરેશ પટેલ

સુરત

ખોડલધામના ચેરમેન અને પાટીદાર અગ્રણી નરેશ પટેલે અનામતને લઈ મોટુ નિવેદન આપ્યું છે. નરેશ પટેલે અનામત આંદોલનને સાચુ ગણાવી, આર્થિક રીતે પછાત લોકોને અનામત મળવું જોઈએ, તેમ જણાવ્યું છે. નરેશ પટેલે જેલમાં બંધ પાસ કાર્યકર્તા અલ્પેશ કથિરિયાના પરિવાર સાથે પણ મુલાકાત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અંકલેશ્વરમાં સરદાર પટેલવાડી ખાતે લેઉઆ પટેલ સમાજના સભ્યો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી, આ પ્રસંગ દરમ્યાન નરેશ પટેલે અનામત મુદ્દે મોટુ નિવેદન આપ્યું હતું. નરેશ પટેલે લેઉઆ પટેલ સમાજના લોકોને સંબોધતા કહ્યું કે, પાટીદાર અને સવર્ણ વર્ગ માટે અનામતનું આંદોલન સાચુ છે, આર્થિક રીતે પછાત લોકોને અનામત મળવું જોઈએ. આ સિવાય નરેશ પટેલે સુરતમાં પાસ કન્વીનર અલ્પેશ કથિરીયાના ઘરે જઈ તેના પરિવારની મુલાકત કરી હતી. અલ્પેશ કથિરીયા હાલમાં રાજદ્રોહના કેસમાં જેલમાં છે. તમને જણાવી દઈએ કે, સુરતના પાસ કન્વીનર અને હાર્દિક પટેલના નજીકના સાથી અલ્પેશ કથિરીયાની ૩ વર્ષ જૂના રાજદ્રોહના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અલ્પેશ કથિરીયાની ધરપકડ કરી હતી. ત્રણ વર્ષ જૂના રાજદ્રોહના કેસમાં અલ્પેશ કથિરીયા વોન્ટેડ હતો.

પાલેજ સબ ડિવિઝનના વિસ્તારોમાં વિજિલન્સની ટીમોએ પોલીસને સાથે રાખી સઘન વીજ ચેકિંગ હાથ ધર્યુ



આજ રોજ વહેલી સવારે ભરૂચ તાલુકાના પાલેજના સબ ડિવિઝન ના અંદર આવતા સેગવા, વાતરસા કોઠી, કુરચણ તેમજ પગુથણ ગામોમાં વહેલી સવારે વીજ કંપનીની વિજિલન્સની ટીમો ત્રાટકી હતી.વીજ ચોરી કરી ગેરરીતિ અચનારોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મંગળવારની રોજ વહેલી સવારે ભરૂચ જિલ્લાના સેગવા, વાતરસા કોઠી, કુરચણ તેમજ પગુથણ ગામોમાં પોલીસ કાફલા સાથે વીજ કંપનીની વિજિલન્સની

ટીમોએ સઘન ચેકિંગ હાથ ધરતા વીજ ચોરી કરતા સ્થાનિકોમાં ઘભરાટ વ્યાપી ગયો હતો. વિજિલન્સના એન્જીનીયરો અને તેમની ટીમ દ્વારા ગામોમાં સઘન ચેકીંગ હાથ ધરીને મીટર ચે કીં ગ , વા ય રો , ત થા લંગરિયા જેવા ચેકીગ હાથ ધરીને કુલ ૧૪ લાખ જેટલાની વીજ ચોરી ઝડપી પાડી હતી.

ભરૂચ ના સબ્બો ને ત્યાં એલસીબી ની રેડ રૂપિયા ૭૪૮૦ ની રોકડ સાથે ૪ ઝડપાયા

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂ જુગાર ની બદી ને નેસ્ટનાબુદ કરવાની મુહિમ ના અનુસંધાને આજે જિલ્લા એલસીબી પીઆઇ તરડે ની સૂચના મુજબ એલસીબી ની ટીમે બી ડીવી. ના બહુચર્ચિત બેખોફ સટ્ટાકિંગ સબ્બો એ ત્યાં છાપો મારતા વરલી મટકા ના સાહિત્ય સહિત ચાર શખ્સો ની અટક કરી ૭૪૮૦ ની રકમ નો મુદ્દામાલ ઝડપી પાડતા બી ડીવી.પોલીસ સહિત બુટલેગરો માં ફફડાટ ફેલાયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ એલસીબી એ છાપો માર્યો હતો પણ બાતમી લીક થતાં નીલ પંચનામું થયેલ પણ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા એલસીબી ની ટિમ માં ધરખમ ફેરફાર કારતાજ આજ ની આ સબ્બો ને ત્યાં ની રેડ માં સફળતા મળી એમ કહેવામાં અતિશયોક્તિ નથી ત્યારે જિલ્લા પોલીસ અધિક્ષક ની ગાજ બી ડીવી.પોલીસ ના ડી.સ્ટાફ પર વરસે તો નવાઈ નહી.હાલ આ કેસ માં કુખ્યાત સબ્બો વોન્ટેડ જાહેર થયેલ છે જ્યારે પકડાયેલ ચાર ઈસમો ને બી.ડીવી.ને હવાલે કરેલ છે

વાગરામાં કપનીનું ઝેરી પાણી ઠાલવતા એકને પોલીસે ટેન્કર સહિત ઝડપી પાડ્યો,જયારે ડ્રાયવર ફરાર

ઝેરી વેસ્ટ વોટર ભરેલું રૂપિયા પાંચ લાખની કિંમતનું ટેન્કર પોલીસે કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી



વાગરા તાલુકાના ગંધાર ગામની હદમાં ફેક્ટરીનું ઝેરી વેસ્ટ વોટર ઠાલવતા બે શખ્સો પૈકી એકને પોલીસે ઝડપી પાડયો હતો. જ્યારે અન્ય એક શખ્સ ભાગી જવામાં સફળ રહ્યો હતો.પોલીસે પાંચ લાખની કિંમતનું ટેન્કર કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચ એસ.પી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જિલ્લામાં કેમિકલ વેસ્ટ ઠાલવતા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપેલ હતી.તેમની સૂચના અને માર્ગદર્શન હેઠળ મુજબ વાગરા પોલીસ મથકની હદમાં ગંધાર ગામના ખુલ્લામાં આવેલા ચોખ્ખા પાણીના નાના-નાના ખાડાઓમાં વહેલી સવારે બે ઈસમો ટેન્કરમાંનું વેસ્ટ વોટર ઠાલવતા હતા. ત્યારે વાગરા પોલીસે બે પૈકી એકને પકડી પાડતાં તેનું નામ દલપત શંકર ચાવડા રહે. પોરડા, તા.ઠાસરા, જી.ખેડાનો હોવાનું જણાવ્યું હતું. જ્યારે ટેન્કરનો ચાલક સુરેશ રમણ ચાવડા રહે, પોરડા, તા.ઠાસરા ઘટના સ્થળેથી ભાગી છૂટયો હતો.ઝેરી કેમિકલ વેસ્ટ ભરેલુ ટેન્કર નંબર જીજે ૧૮ એ.યુ ૮૩૦૧ કિંમત રૂપિયા પાંચ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાગરા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાની આંગણવાડીઓમાં કન્યા શક્તિ પુજન કરાયુ

અમદાવાદ જિલ્લાની ૧૫૨૭ આંગણવાડીઓમાં નવરાત્રી પર્વ દરમ્યાન સરકારી અધીકારીઓ, પદાધીકારીઓ દ્વારા કન્યા પુજન



અમદાવાદ

જિલ્લા પંચાયત BBBP સેલ દ્વારા જિલ્લાની ૧૫૨૭ આંગણવાડી દીકરીઓનું મા દુર્ગા સ્વરૂપે પુજાનો કાર્યક્રમ જિલ્લાના BBBPના નોડલ ઓફિસર નરેંદ્રસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૨૩૦૦૦ જેટલી દીકરીઓનું પુજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ જીતેંદ્રસિંહ ચૌહાણ, જિ.પં. ઉપપ્રમુખ ભાવિનીબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. પટેલ તથા જિલ્લા પંચાયતના તમામ સદસ્યો અને અગ્રણી નાગરીકોએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તમામ અગ્રણી નાગરીકો અને સદસ્યોએ તેમના વિસ્તારમાં દીકરીઓની પુજા કરી ખરેખર "બેટી બચાઓ બેટી પઢાઓ" કાર્યક્રમને સફળ કર્યો અને સમાજને એક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. "બેટી બચાઓ બેટી પઢાઓ" કાર્યક્રમ હેઠળ છેલ્લા ૨ વર્ષથી હાથ ધરતા દીકરાઓની સંખ્યાની સામે દીકરીઓની સંખ્યામાં પણ નોંધ પાત્ર વધારો જોવા મળેલ છે. અમદાવાદ જિલ્લામાં "બેટી બચાઓ બેટી પઢાઓ" કાર્યક્રમ કલેક્ટરના સીધા નેત્રુત્વ હેઠળ આ કામગીરી કરી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આસો નવરાત્રીની છઠના દિવસે બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન તથા સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાના ઉદેશ્યથી આંગણવાડીની દિકરીઓનુ પુજન કરવામાં આવ્યુ હતુ. આપણે રાધા કૃષ્ણ, સીતા રામ બોલીયે છીએ. આપણી સંસ્કૃતિ નારીનું સન્માન કરે છે, નારીનું પુજન કરે છે. નવરાત્રીમાં દુર્ગામાં, બહુચરમાં સહિતના માતાજીની પુજા કરવામાં આવી રહી છે. કન્યાઓએ સાક્ષાત લક્ષ્મીજી છે. નવરાત્રી પર્વ દરમ્યાન વિરમગામ સહીતના અમદાવાદ જીલ્લાની આંગણવાડીઓમાં શક્તિરૂપી કન્યાઓનું પુજન કરવામાં આવ્યુ હતુ.

નવરાત્રી મહોત્સવમાં નિમિત્તે અસ્મિતા કેન્દ્રના દિવ્યાંગ બાળકો ગરબે ઝુમ્યા



માં શક્તિ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા આલ્ફા સોસાયટીના પટાંગણમાં ચાલતા માં આદ્યશક્તિ શક્તિ અંબિકાની આરાધના અને ઉપાસનાના ભાગરૂપે આસોના નવલા નોરતા નું આયોજન ભારતીય પરંપરા અને સંસ્કૃતિ જળવાઈ રહે તે પ્રમાણે કરવામાં આવ્યું છે .જેમાં સમાજના અબાલ,વૃદ્ધ, તેમજ યુવાનો અને યુવતીઓ ગરબે ઝૂમી નવરાત્રી પર્વની ઉજવણી કરી રહ્યા છે.

જેમાં ત્રાલસા ગામમાં આવેલ અસ્મિતા વિકાસ કેન્દ્રના દિવ્યાંગ બાળકોને ગરબા રમવાનો લહાવો મળે માટે તેમને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. માં શક્તિ નવરાત્રી મહોત્સવ સમિતિના સહયોગથી સમાજના લોકો સાથે દિવ્યાંગ બાળકો ભળીને ગરબાનો આનંદ મેળવ્યો હતો. સંસ્કૃતિ સમાજ સેવા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા બાળકોને ચણીયા ચોળી તથા ધોતિ કુર્તાનું દાન આપવામાં આવ્યું હતું .ગરબા બાદ દાતાઓએ બાળકો માટે નાસ્તા અને આવવા-લઈ જવાની બસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

અંકલેશ્વર પોલીસે દોઢ લાખ નો દારૂ સહિત બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો



ભરૂચ

જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સૂચના મુજબ જિલ્લામાં પ્રોહીબીસન અને જુગાર ની ડ્રાઈવ રાખવામાં આવી હતી જેના ભાગ રૂપે અંકલેશ્વરની શહેર પોલીસે પ્રોહીબીશન નો કેશ કર્યો હતોઅંકલેશ્વર શહેર પોલીસ ને મળેલી બાતમી મુજબ હરીનગર બંગલોઝ માં મકાન નંબર ૨૨ માંથી તેમજ ઘરની બહાર સિલ્વર કલર ની વાન માંથી ગેરકાયદેસર વિદેશી દારૂ મળી આવ્યો હતો.ઘરનીઅંદર અને બહાર મુકેલ વ્હ્ન ૧૬ છ ૯૦૭૩ સિલ્વર કલર ની વાન માંથી ૭૫૦ મિલી ની કાચ ની ૨૬૪ બોટલની કિંમત ૧૧૪૮૦૦ ,૧૮૦ મિલી ની કાંચ ની ૨૮૮ બોટલની કિંમત ૩૩૬૦૦ તથા મારુતિ વાન ની કિંમત ૭૦૦૦૦ અને મોબાઈલ નાગ ૪ ની કિંમત ૨૦૦૦ રૂપિયા કુલ મુદ્દામાલ ૨૧૮૪૦૦ નો કબ્જે કરી આરોપીઓ ભુપેન્દ્ર ઉર્ફે દિનેશલાલ મોદી..સલમાન નજીર પઠાણ તથા સદ્દામ હુસૈન રાજ ને પોલીસે પકડી પડેલ છે.આ કામના ચોથા આરોપી નેવીલ મનહરભાઈ ગાંધી રહે.ઉમિયાંનગર નાઓ મળી ન આવતા વોન્ટેડ જાહેર કરેલ છે અંકલેશ્વર શહેર પોલીસે આ તમામ આરોપી ઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

સરદાર સરોવર નર્મદા ડેમના વિસ્થાપીતોની સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણ નહીં કરવા દેવાની ચીમકી



રાજપીપળા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેકટ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કાર્ય લગભગ પૂરું થવા આવ્યું છે.નર્મદા જિલ્લા વહીવટી તંત્ર ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરે એ દીશામાં તૈયારીઓ ચાલુ કરી લીધી છે.ત્યારે અગાઉ અદિવાસી સમાજ,ભારતીય ટ્રાયબલ પાર્ટી અને હવે સરદાર સરોવર બંધ અસરગ્રસ્તોએ પોતાના વિવિધ પ્રશ્નો મુદ્દે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ નહી કરવા દેવાની ચીમકી આપતા વહીવટીતંત્રમાં દોડધામ મચી છે.સરદાર સરોવર નર્મદા ડેમના અસરગ્રસ્તોએ સોમવારે પોતાના વિવિધ પ્રશ્નોના નિરાકરણ મુદ્દે નર્મદા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.એમણે પોતાની રજુઆતમાં જણાવ્યું હતું કે અમે અમારા પ્રશ્નોના નિરાકરણ મુદ્દે જ્યારે કેવડિયા ખાતે પ્રતીક ઉપવાસ પર બેઠા હતા ત્યારે ગત ૧૭/૭/૨૦૧૭ ના રોજ એક વર્ષ પછી ગુજરાતના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,ભરત પૂંજા અને રાજ્ય વનમંત્રી શબ્દશરણ તડવી સહિત નર્મદા કલેકટર અમારી માંગણીઓ બેજ માહિનામાં પુરી થઈ જશે એવી ખાતરી આપી પારણા કરાવ્યા હતા.બાદ ૧૦/૭/૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે રાખેલી બેઠકમાં જી.આર.એને લગતા પ્રશ્નો અંગે નિવારણ પ્રાધીકરણ અમદાવાદમાં એક બેઠક રખાશે ત્યાં આ પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપી હતી.એ બાદ ૯/૧૨/૨૦૧૭ના રોજ પીએમ મોદીએ બોડેલી ખાતેની એક જાહેરસભામાં પણ અસરગ્રસ્તોના પ્રશ્નોના નિરાકરણ કરવાનું નિવેદન આપ્યું હતું.તે છતાં આજદિન સુધી અમારા પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી.ગુજરાત સરકાર ગરીબ અને આદિવાસી અસરગ્રસ્તોના પ્રશ્નો અંગે કશું જ કરવા માંગતી નથી.

સરદાર સરોવર ડેમ ગુજરાત,મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ એમ ત્રણ રાજ્યોને અસર કરતો ડેમ છે તો ત્રણેવ રાજ્યોમાં એક સરખી પોલિસી હોવી જોઈએ.મધ્યપ્રદેશની પોલીસી મુજબ ગુજરાતમાં પણ જમીન મળવી જોઈએ તથા નર્મદા નિગમના પરિપત્ર મુજબ કુટુંબના પરિવારમાં એક વ્યક્તિને નોકરી આપવામાં આવે.અમારી આ બે મુખ્ય માંગો સહિત અન્ય બીજી માંગો જો નહિ સ્વીકારવામાં આવે તો ૩૧મી ઓક્ટોબરે અમે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ નહી થવા દઈએ.

કેશોદ તાલુકાનાં નાની ઘંસારી ગામે પ્રાંત અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં યોજાઈ ગ્રામસભા



જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રાજનોની લોકસુખાકારી અને સરકારશ્રીની યોજનાઓનાં લ ા ભ ો છેવાડાના જન-જન સુધી પહોંચતા થાય તે માટે તબક્કાવાઈઝ સે વા સે તુ નાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સાથે સાથે પ્રાંત અધીકારી અને તાલુકા ટીમ દ્વારા વિવિધ ગામોમાં રાત્રી સભા યોજી ગામના વિકાસ અને ગ્રામજનોનાં પ્રશ્નોને સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે. આવી જ રાત્રી ગ્રામસભા કેશોદ તાલુકાનાં નાની ઘંસારી ગામે પ્રાંત અધિકારી રેખાબા સરવૈયાની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. આ પ્રસંગે ગામનાં સરપંચશ્રી રામભાઈ હડીયા અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ગામને સ્પર્શતા પ્રશ્નોનાં ઉકેલ મેળવ્યા હતા. સાથે વ્યકિતલક્ષી રજુઆતો અધિકારીઓએ સાંભળી હતી, અને યોગ્ય કાર્યવાહી કરી હતી. આ પ્રસંગે મામલતદાર ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી ખુમાણ અને વિવિધવિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીની રાધાકૃષ્ણ વિદ્યાલયમાં ભૂલકાઓએ કરી નવરાત્રી પર્વની શાનદાર ઊજવણી





સમગ્રદેશમાં હિન્દુઓના પવિત્ર દિવસ સમા નવરાત્રી પર્વ નિમિત્તે મોરબી શહેર અને જિલ્લા ની વિવિધ સ્કુલોમાં નાના-નાના ભુલકાઓ આપણી સંસ્કૃતિ થી વાકેફ થાય અને ઉત્સાહ ભેર જોડાય માટે રાસ ગરબા નું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે શહેરની રાધાકૃષ્ણ વિદ્યાલય ખાતે પણ નાના-નાના ભુલકાઓ સાથે આ પાવન નવરાત્રી પર્વની ઉજવણી ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી હતી.

જેમાં એલકેજી થી ધો.૯ સુધીના ૩૦૦ વિધાર્થીઓ અને વિધાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી સારુ પરફોર્મન્સ કરનાર ૧૨ જેટલા પ્રિન્સ અને પ્રિન્સેસને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્કુલના આચાર્ય પિયુષભાઈ ચોટલીયા, આરતીબેન રાંકજા સહિતના શૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.